અર્હદ્

# પ્રેરણા પત્ર

# क्षमा

आत्मा की शुद्धि का मार्ग,
संबंधों में मधुरता का सार।

## ॥ मिच्छामि दुक्कड़म् ॥

❖ વર્ષ : 33 ❖ અંક : 6 ❖ S.No. : 494
❖ તા.16-9-2026 ❖ સપ્ટેમ્બર
છૂટક નકલ : રૂા.6/-




**પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવા જતા પંડિતજીઓ તથા યુવાનો-આરાધકો માટે તથા શ્રીસંઘોમાં વાંચવા તથા વસાવવા**

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.ના
શિષ્યરત્ન પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ. મ. સંકલિત







કિંમત : રૂા.૧૨૫.૦૦ પ્રત્યેક ❖ હિન્દી તથા ગુજરાતીમાં મળશે.

અમદાવાદ : અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
મફતલાલ : 9429130261

મુંબઈ : માનસમંદિરમ્ ટ્રસ્ટ :
વિપુલભાઈ : 9765781817



શ્રી દર્શીલ શાહ, હિંમતનગર (મેમ્બર નં.૯૪૧)ના અકાળે થયેલ મૃત્યુ નિમિત્તે શંખેશ્વર તીર્થ મુકામે પરિવારજનોને કુસુમાંજલી ચેક અર્પણ



સરસંચાલક એલર્ટ ચિરાગભાઈ, અમદાવાદના અકાળે થયેલ મૃત્યુ નિમિત્તે યોજાયેલ ગુણાનુવાદ સભા તથા તેમના પરિવારને કુસુમાંજલિ ચેક અર્પણ

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 33 ❖ અંક : 6
S.No. : 494 ❖ વિ.સં.2082
તા.16-9-2026 ❖ સપ્ટેમ્બર

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા

લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ



## પ્રાર્થના ❖ સંવેદનો

હે દયાળુ ! માફ કરજે. તારા દર્શન હું કયા મોંઢે કરું ? જ્યારે ઘરે લીલીવાડી હતી. રૂપિયાની રેલમ છેલ હતી. ધંધા–ધાપા પૂરજોશમાં ચાલતા હતા ત્યારે તને ભજવાનો કે તારું મોંઢું જોવાનો પણ સમય ન હતો.

પણ પ્રભુ ! ઘરમાં જેમ વિજળી જાય ને અંધારું થઈ જાય તેમ હું અત્યારે પાયમાલ થઈ ગયો છું. વધુને વધુ કમાવાની લ્હાયમાં મેં મારું બધું જ ગુમાવી દીધું છે. લેણદારો મારું લોહી પીવા તત્પર થયા છે. ધંધો હાથમાંથી સાવ સરકી ગયો છે. બધા બજારોમાં મારા નામ ઉપર ચોકડી લાગી ગઈ છે.

શું વાત કરું નાથ ! મને આશા હતી કે, મારા સગાવહાલા સોલીડ છે, મને ચપટીમાં ઊભો કરશે એટલે તેમના ઘરના દરવાજા ખટખટાવ્યા કેટલાકને કાલાવાલા કર્યા, પણ પરિણામ શૂન્ય.

ઘરે ગયો, પત્નીએ પૂછ્યું, શું લઈને આવ્યા ? ત્યારે મેં કહ્યું, તને શું કહું ? બધા સગા પરાયા થઈ ગયા છે. કોઈ ઘરમાં આવકાર આપવા તૈયાર નથી. આ જગતમાં હવે આપણું કહી શકાય તેવું કોઈ રહ્યું નથી. હવે શું કરું ?

ત્યારે મને પત્નીએ કહ્યું, હું કેટલાય વર્ષોથી તમને કહું છું કે, કંઈક ધરમ પણ કરો, પૂજા સેવા કરો. ભગવાન જ આપણો આધાર છે. પ્રભુ ! મારી પત્નીના શબ્દો હવે સાચા પડી રહ્યા છે. હે નાથ ! ભાંગ્યાનો તું ભેરૂ છે. જેવો તેવો પણ તારો દાસ છું. આજે તું મને સ્વીકારી લે. તારું શરણ મૂકીને જાઉં તો ક્યાં જાઉં ? મારી નૈયા હવે તારે હવાલે છે નાથ !

કેટલાક સત્ત્વહીન લોકો થોડીક મુશ્કેલીઓ આવતાં ડરી જતા હોય છે. ગભરાઈ જાય છે. લેવાઈ જાય છે. સાવ નંખાઈ જઈ નેગેટીવિટીમાં ચાલ્યા જાય છે. હાય હાય મારું શું થશે ? છેવટે ડિપ્રેશનના પંજામાં સપડાઈ જાય છે. પોતાની જિંદગીની સાથે પરિવારને પણ જોખમમાં મૂકી દે છે.

પણ જરા સમજો, મુશ્કેલીઓ ચાહે ગમે તેટલી હો, દરેકમાં માર્ગ તો નીકળે જ છે. ભારે મુશ્કેલીનો સામનો કરતા ભારતદેશને એકલા મોદીજીની ટીમે વિશ્વના નક્શા ઉપર કેવો મૂકી દીધો છે !

અરે ! મુંબઈની લોકલ ટ્રેનોથી ભારે ભીડ વચ્ચે પણ ખારી સીંગવાળો માર્ગ કરી પોતાનો વેપાર કરી લે છે. કેળાવાળો મોટો ટોપલો લઈને ભીડમાં નીકળી જાય છે. અરે પેલો આંધળો ભિખારી પણ ભીડમાં જ આગળ વધી પોતાનું ખીસુ ભરી લે છે. જેને આગળ વધવું છે તેને કોણ રોકી શકે ?

તમારા જીવનમાં ભલે ઝંઝાવાતો આવ્યા કરે ! જો તમે મજબૂત છો તો ચોક્કસ માર્ગ નીકળે છે. હતાશ, નિરાશ ને નંખાઈ જવાથી ખુલ્લા માર્ગ પણ બંધ થઈ જાય છે. જીવનની દરેક ટ્રેજેડીને તમે કોમેડીમાં ફેરવતા જાઓ.

તમે ખૂદ જુવાન છો, બહાદૂર છો, સાચા વીર છો. એકવાર ભગવાનનું નામ લઈ આગળ વધો. રસ્તો મળી જ રહેશે.



**હેમસૂત્ર** **શરીર એટલે 'હું' એ અનંતકાળથી દૃઢ કર્યું છે. તેને સુલટાવવા એક જન્મ તો આપો. હું 'આત્મા' છું એવું સંવેદાય તો જન્મ સફળ.**

# છ જીવ કરુણાય

**પ્રશ્ન : વિજ્ઞાને પાણીના એક ટીપામાં તો ૩૬૨૪૦ જીવો જ કહ્યા છે. તમે ઉપર અસંખ્ય કહ્યા તે કેવી રીતે ?**

**જવાબ :** તમે ધ્યાન દઈને વાંચ્યું નથી ! વિજ્ઞાને પાણીમાં જીવ જે કહ્યા તે તો હાલતા ચાલતા ત્રસ જીવો કહ્યા છે. પાણીના પ્રત્યેક ટીપામાં જે પાણીના જીવો છે તે પાણીરૂપી શરીરમાં વ્યાપીને રહેલા છે. તે અસંખ્ય છે. એટલે પાણી પોતે જ જીવ છે. તેમ સમજવું. (પાણીમાં રહેલા તે જુદા)

આમ પાંચ પ્રકારના સ્થાવર જીવો થયા. તેના ઉપર શ્રાવકે કરુણા કરવાની છે. તે કેવી રીતે તે જોઈએ -

સ્થાવર જીવોને આપણે જ્યારે ઉપયોગમાં લઈએ છીએ ત્યારે તે જીવ એટલા સૂક્ષ્મ છે કે, આપણાથી પીડા પામી નાશ પામી જાય છે. આ જીવો આપણા દ્વારા (૧) સાક્ષાત કે પરંપરાએ નાશ ન પામે, બીજું (૨) આપણા નિમિત્તે નાશ ન પામે ત્રીજું (૩) આપણાથી અજાણતાથી પણ નાશ ન પામે તે માટે ધ્યાન રાખવું જોઈએ. આ ઉપયોગ, આ લેશ્યા કે, આ કાળજી તે ધર્મ છે. તેનાથી આપણા જીવને શાતાવેદનીય કર્મ (શુભ કર્મ) સહિત બીજા પણ શુભકર્મો (પુણ્યકર્મો) બંધાય છે. તે કર્મો ઉદયમાં આવતા આપણને શાતા આપે અને સુખ થાય. તેવો ચાન્સ આપે છે. આ કાળજી તે કરુણા કહેવાય.

**પ્રશ્ન : આપે 'લેશ્યા' શબ્દ વાપર્યો તે શું છે ? તેને કરુણા સાથે શું સંબંધ છે ?**

**જવાબ :** એક દૃષ્ટાંત આપું એટલે લેશ્યાનો મિનીંગ સમજાઈ જશે. આ દૃષ્ટાંત શાસ્ત્રમાં છ પ્રકારની લેશ્યા એટલે કે, આત્મપરિણાને દર્શાવવા બતાવાય છે. જેમાં જાંબુડાનું ઝાડ અને છમિત્રોને જાંબુ ખાવાની ઈચ્છાનું દૃષ્ટાંત છે.

છ મિત્રો, જંગલમાં, ભૂખ્યા થયા, દૂરથી જાંબુડો જોયો. કાળા ભમ્મર જાંબુ જોઈને છ એ ને જાંબુ ખાવાની ઈચ્છા થઈ. નજીક આવ્યા. પહેલા મિત્રએ કહ્યું, લાવ કુહાડી આખું ઝાડ મૂળમાંથી તોડી પાડીએ પછી ખાવાની મજા જ મજા !

બીજા મિત્રે રોક્યો, મૂળમાંથી ઉખેડવાની જરૂર નથી જે શાખા ઉપર વધારે જાંબુ હોય તેને જ કાપી જાંબુ સુખેથી ખાઈએ.

ત્રીજા મિત્રે બીજાને પણ રોક્યો, કહે એક નાના ડાળા ઉપર પણ પૂરતાં જાંબુ છે. માટે નાની ડાળી કાપો.

ચોથો મિત્ર કહે, ઊભો રહે હું માત્ર જાંબુના ઝૂમખા જ ઉતારીને લાવું છું તેમાંથી ખાઈએ.



પાંચમો કહે, તું બેસ ! હું ઉપર જઈ ઝૂમખામાંથી પાકાં પાકાં જાંબુ ચૂંટી થેલી ભરી લઈ આવું છું કંઈ કાપવાની જરૂર નથી.

છઠ્ઠો કહે, તમે લોકો મૂરખ છો ! તમારે પાકાં અને મધુર જાંબુ જ ખાવાં છે તે તો પાકીને આપો આપ જમીન પર પડેલા જ છે. પછી આ બધી કાપવાની ને પાડવાની વાતા શા માટે કરો છો ? બેસો હું મધુર જાંબુ વીણી વીણીને લાવું છું.

આ દૃષ્ટાંતમાં જીવના પરિણામનો ક્રમ છે. પહેલાનો અતિક્રૂર પરિણામ છે. બીજાનો ઓછો, ત્રીજાનો સામાન્ય કઠોર પરિણામ છે. આ ત્રણે ખરાબ પરિણામો છે, જેને શાસ્ત્રમાં કૃષ્ણ-નીલ અને કાપોત લેશ્યા કહેવાય છે. લેશ્યા એટલે જ જીવના તેવા પ્રકારના પરિણામ.

ત્યાર પછી ૪-૫-૬ મિત્ર અનુક્રમે સારી લેશ્યાવાળા છે. તેને પીત, પદ્મ અને શુક્લ લેશ્યા કહેવાય છે !

ભલે મારું મોત થાય પણ જીવને તો બચાવીને રહીશ તેવો પરિણામ અતિશુક્લ પરિણામ છે. તેવો વિશુદ્ધ પરિણામ કીડીઓની કરુણા કરનાર ધર્મરુચિ અણગારને આવ્યો. કીડીઓને બચાવવા ઝેરી શાક પોતે જ વાપરી ગયા. કીડીઓ બચાવ્યાના શુભ - શુક્લ પરિણામથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારી દેવ થયા. કરુણાનું આ કાર્ય છે.

જેના અંતરમાં કરુણા છે તેના આંતર પરિણામો પાછળની ત્રણ લેશ્યા જેવા ઉત્તરોત્તર શુદ્ધ પરિણામો છે. તેનાથી શુભ કર્મો બંધાય છે.

**પ્રશ્ન : પૃથ્વીના જીવો ઉપર કરુણા કરી ક્યારે કહેવાય ?**

**જવાબ :** ઘર બનાવવું છે, પૃથ્વી ખોદવી પડશે તો હવે કરુણા કરવી હોય તો કોઈનું બનાવેલું તૈયાર મકાન ખરીદી લેવું. તેમાં સાક્ષાત્ બનાવવાનું પાપ નહીં લાગે. એટલે જયણા અને કાળજીવાળો શ્રાવક બિલ્ડર્સના ધંધામાં ન પડે. (કારણ કે ફ્લેટ ખરીદનારા સંસાર ચલાવશે તે સંસાર પ્રવર્તનનું મોટું પાપ લાગે.) હા, તે બિલ્ડીંગોમાં જિનાલય બનાવે, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનો બનાવે અને ફ્લેટોમાં સાધર્મિકોને વસાવે તો કદાચ તે પાપનો ભાગીદાર ઓછો થાય.

વળી, જે બિલ્ડીંગો બન્યા છે, કે પોતે જે બંગલો કે ફ્લેટ વેચાતી લીધો છે તેને જોઈ જોઈ હરખાય નહીં, રાજી ન થાય, આખા ગામમાં બંગલાના વખાણ ન કરે પણ ઉદાસીન ભાવે પોતાના વૈભવાનુસાર નિવાસ કરે.

**પ્રશ્ન : આવું કરે તો કયું પાપ થાય ? પૃથ્વી ખોદવાનું પાપ કર્યું નથી.**

**જવાબ :** આપણે ત્યાં કરણ-કરાવણ અને તેનું અનુમોદન ત્રણે સરખા ફળવાળા કહ્યા છે. તેણે પોતે બંગલો ન બનાવ્યો તેથી બનાવવાનું પાપ ગયું, બીજા પાસે બનાવડાવ્યો પણ નથી એટલે કરાવણનું પાપ પણ નથી. હવે બંગલાને વખાણો એટલે તેની અનુમોદના થઈ જ તેથી તે બનાવતાં જે પાપ વિરાધના થઈ તેની પણ અનુમોદના થઈ જ તેથી તો પાપ લાગવાનું. આમ જે ધર્મને ઊંડાણથી જાણતા નથી તે બિચારા પૈસા ખર્ચીને પાપને જ ખરીદે છે. જ્ઞાન હોય તો પાપથી બચી શકાય.

ઘણીવાર બનાવવામાં જે પાપ થાય તેના કરતાં વારંવાર અનુમોદનાનું પાપ વધી જાય એવું બને ! પેલો બનાવીને પ્રાયશ્ચિત કરી શુદ્ધ થઈ જાય અને બીજો **"પોતે પાપ કરતો નથી."** એવું માનતો વારંવાર અનુમોદનથી પોતાના પાપ ખાતાની બેલેન્સ વધારી દુર્ગતિમાં જાય. માટે આ વિજ્ઞાન જાણવા જેવું છે. જીવ ઉપર કરુણા કરનારને આ ત્રણ ખબર હોવી જોઈએ.

પૂર્વે જૈનો પણ ખેડૂતો હતા. ખેતી કરતાં. મોટા-મોટા ખેતરો હતા. કારણ તે કાળમાં ખેતીવાડી તે આજીવિકાનું સાધન હતું. હજુ ૧૦૦ વર્ષ પહેલાં પૈસાનું ચલણ ઓછું હતું. ગામડાંમાં તો અનાજનો વિનિમય ચાલતો. કોઈ વસ્તુ જોઈએ તો સામે અમુક માપનું અનાજ આપી વસ્તુ ખરીદાતી હતી. પછી સમય ફર્યો. મહાત્માઓના સત્સંગ થવા લાગ્યા. ખેતી કરવાથી, જમીન ખેડવાથી પૃથ્વીકાયથી લઈ અસંખ્ય ત્રસકાયની પણ સાક્ષાત્ વિરાધના જોઈ જીવદયાના પરિણામવાળા જૈનોએ સાધુઓના ઉપદેશથી ખેતીના ધંધા છોડ્યા. ખેતરો વેચી અનાજ, કાપડ વગેરે જીવન જરૂરિયાતની ચીજનો વેપાર શરૂ કર્યો. તેથી પૃથ્વીકાય જીવોની સાક્ષાત્ વિરાધનાથી બચવારૂપ કરુણા થઈ. આ રીતે પૃથ્વીકાય જીવોની કરુણા વિચારવી. તે પણ ત્રણ ભાંગે કરણ-કરાવણ અને અનુમોદન ન કરવા રૂપે.

અણુવ્રતો ધારણ કરનાર આત્માઓ વ્રત સાથે ૧૪ નિયમની પણ ધારણા રોજ કરતા હોય છે.

ચૌદ નિયમ લેવાથી કેટલાય પાપથી બચી જવાય છે. આ એવું એક ગણિત છે કે, આપણે જેટલું એક દિવસ પૂરતું જોઈએ તેટલું જ ધારવાનું હોય છે. બાકીનું ત્યાગ કરવાનું હોય છે. જેથી દુનિયામાં રહેલી તમામ વસ્તુઓનું પાપ લાગે નહીં. વિસ્તારથી કોઈક સાધુ ભગવંત પાસે બેસી સમજી લેવા જેવું છે.

૧૪ નિયમમાં ચૌદ પ્રકારની રોજ ઉપયોગમાં આવતી ચીજો કેટલીક ઉપયોગમાં રાખી બાકીનાનો ત્યાગ કરવાનો નિયમ કરવાનો હોય છે. તેની સામાન્ય સમજ નીચે ટીપમાં આપી છે તે જુઓ. જેમાં :-

**૧. સચિત્ત :** એટલે જમવા બેસતાં સચિત્ત ચીજો કેટલી ઉપયોગમાં લેવી તેનો નિયમ આવે. જેમ કે, સલાડ-ટામેટાં, કાકડી, કાચું મીઠું, કાચાં ફળો વગેરેનું પ્રમાણ કરવું. રાંધેલી રસોઈ તે અચિત્ત છે. ફળો જો સમારી-બીજો કાઢી ૪૮ મિનિટ પછી ખાઓ તો તે અચિત્ત છે. એટલે સચિત્ત વસ્તુ ધારવી કે આટલી અથવા આટલા પ્રમાણમાં ખાઈશ.

**૨. દ્રવ્ય :** ખાવામાં અમુક દ્રવ્યો જ લઈશ તે ચોઈસ કરી લેવા.

**૩. વિગઈ** : તે 'છ' છે. દૂધ-દહીં, ઘી, તેલ, તળેલું અને ગોળ આમાંથી જે ખાવી હોય તેની છૂટ રાખવી.

**૪. વાણહ** : જોડા, તેમાં આખા દિવસમાં અમુક જોડીનો જ ઉપયોગ કરીશ.

**૫. તંબોલ** : આટલા પ્રમાણ (૫૦ ગ્રામ)નો મુખવાસ વાપરીશ.

**૬. વસ્ત્ર** : આટલા જોડી કપડાંનો ઉપયોગ કરીશ.

**૭. સૂંઘવાની ચીજો** : વસ્તુની સંખ્યા અથવા વજનથી પ્રમાણ રાખવું.

**૮. વાહન** : દિવસમાં અમુક સંખ્યા વાહનનો ઉપયોગ કરીશ.

**૯. શયન** : સૂવા-બેસવા માટે અમુક સંખ્યા ધારવી. (જેમાં પથારી, સોફા ખુરશી, ટેબલ, ગાડી-સ્કૂટરની સીટ વ. લઈ શકાય.)

**૧૦. વિલેપન** : વિક્સ, મલમ, ઈંટિમેટ જે ઉપયોગ કરતાં હોય તેનું પ્રમાણ ધારવું.

**૧૧. બ્રહ્મચર્ય** : દિવસ કે રાત્રિ દરમિયાન આજે પાલન કરીશ. આથી વધારે નહીં.

**૧૨. દિશા** : આજે ચારે દિશામાં અમુક કિ.મી.થી વધારે ટ્રાવેલીંગ કરીશ નહીં.

**૧૩. સ્નાન** : કેટલીવાર સ્નાન કરવું તે ધારવું.

**૧૪. ભાત-પાણી** : ભોજનનું પ્રમાણ (૧ કે.જી. વગેરે) નક્કી કરવું.

આમ ચૌદ વસ્તુઓ વિચારી પ્રમાણ કે સંખ્યા ધારી દેસાવગાસિકનું પચ્ચક્ખાણ કરવું.

તે નિયમોની સાથે પૃથ્વી આદિ પંચાસ્તિકાયની પણ દયા કરવાનો નિયમ અથવા જયણા કરવાની વાત આવે છે. એટલે તે જીવો સંપર્કમાં આવે ત્યારે તેના પર દયા કરી - કરુણા કરી હૃદયમાં કરુણાભાવ વધારતા જવું જોઈએ.

**પ્રશ્ન : પાણી તો અત્યંત આવશ્યક છે. તેની કરુણા કેવી રીતે કરવી ?**

**જવાબ** : તે માટે પાણીના ઉપયોગ વિચારો.

૧. પીવા માટે જોઈએ.
૨. સ્નાન-કપડાં ધોવા માટે જોઈએ.
૩. ઘર-મકાન વગેરેની શુદ્ધિ માટે.
૪. ફૅક્ટરી હોય તો ત્યાં ઘણો ઉપયોગ હોય.
૫. વરસાદ વખતે નદી - નાળા ઉભરાય, ભીંજાવું પડે વગેરે.
૬. વૉટરપાર્ક હોય તો પાણી ઘણું જોઈએ.
૭. સ્વિમીંગ પુલ-બાથ-ટબ હોય તો પણ પાણી ઘણું જોઈએ.

આ સિવાય પણ પાણીનો ઉપયોગ હોય તેના માટે વિચારીએ કે, પાણીના જીવો ઉપર કરુણા કેવી રીતે થાય ?

(૧)પીવા માટે જોઈતું પાણી ગાળીને ભરવું જોઈએ. કેટલીક જગ્યાએ દિવસમાં બે વાર (સવાર-બપોર) ગાળવાનો પણ રિવાજ હોય છે. ગાળ્યા પછી **'સંખારો'** પાણી જ્યાંથી આવતું હોય ત્યાં ટાંકી, કૂવો કે સ્ટોરેજમાં કાઢવો.

પાણી વાપર્યા પછી ગ્લાસ વગેરે રૂમાલથી બરાબર લૂંછી મૂકવા, એંઠા ગ્લાસ, ડોયા વગેરે માટલાં કે ટાંકીમાં નાંખવા નહીં.

(૨)કપડાં, વાસણ વગેરે ધોયેલું પાણી ગટરમાં ન જવા દેતાં બંગલો કે મકાનની ખૂલ્લી જમીનમાં સુકાય તેમ છાંટી દઈ શકાય. આ જોકે ગામડામાં અથવા એવી સોસાયટીઓમાં શક્ય બને.

સ્નાન ઠંડા પાણીએ જ બને તો સ્નાન કરવું. ગરમની જરૂર પડે તો સ્નાન કરી શકાય તેટલું જ ગરમ કરવું. ઠંડું - ગરમ મિક્સ કરવું નહીં.

સ્નાનમાં સાબુનો ઉપયોગ ટાળવો. તેના વિકલ્પમાં અરીઠા, ચણાનો લોટ શરીર ઉપર લગાડી શકાય. સાબુમાં ક્ષાર હોવાથી તે પાણીમાં ભળતા વાપરેલાં તમામ પાણીના જીવોનો નાશ થાય છે. સાબુ વિના સ્નાન કરવાથી ઘણા જીવો બચી જવાનો સંભવ છે.

(૩) ઘર - મકાન વગેરેની શુદ્ધિ જયણાના પરિણામ રાખવા. પાણીનો બેફામ ઉપયોગ ન કરવો. દયાના પરિણામથી પણ ખુદને પાપનો અણગમો રહે છે. તેથી અલ્પબંધ થાય છે. બેફામ વાપરવાથી કઠોર પરિણામો થાય, પાપનો છોછ નીકળી નિર્ધ્વંસ પરિણામો બનતાં ચીકણા કર્મો બંધાય એવું બને છે.

અહીં પણ પાણી ગાળીને વપરાય, એસિડ વગેરે જેવા જલદ પ્રવાહીનો ઉપયોગમાં નિયંત્રણ થાય, ટૂંકમાં, ઓછા પાપથી પ્રવૃત્તિ ગોઠવવી જોઈએ.

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

# ધ્યાનની ભૂમિકા

## અધ્યાત્મનો સ્રોત ધર્મપ્રવૃત્તિ



ગતાંકમાં જીવનમાં ધ્યાનયોગ લાવવાના ઉપાય તરીકે અધ્યાત્મ સન્મુખ થયેલા જીવે જિનાજ્ઞા પાલનમાં ઉદ્યત થવાની વાત કરી.

પ્રભુની દ્રવ્યાજ્ઞાઓનું પાલન ભાવાજ્ઞાને ખેંચી લાવે છે. માટે શરૂઆતમાં પંચાચાર વગેરે ક્રિયારૂપ દ્રવ્યઆજ્ઞાઓનું આદર-બહુમાન સહ સાધકે પાલન કરવું જોઈએ અને તે પણ પોતાની મરજી મુજબ કે પોતાની મતિ મુજબ ન હોય. પરંતુ સંવિજ્ઞ ગીતાર્થ ગુરુની નિશ્રામાં તેઓને સમર્પિત થવા પૂર્વક કરવું જોઈએ.

જો પોતાની બુદ્ધિ કે મરજી મુજબ દ્રવ્યાજ્ઞાઓ પાળવા જાય તો ભટકી જવા સંભવ છે. આ વિષય પણ વિસ્તારથી વિચારણા માંગી લે તેવો છે.

હકીકતમાં આજ્ઞાનું સાચું રહસ્યનો અંતર્મુખતા પામેલો આત્મા પામે છે અને તે પણ પોતાનાથી અધિક ગુણવાળા (ગુરુ આદિ) ગુણાધિકને આધીન રહીને વર્તવાના પરિણામવાળો હોય છે. આ લોકોત્તર શાસનની મર્યાદાઓ છે. તેને આ આત્મા અખંડિત રાખીને ચાલે છે.

બીજી વાત અંતર્મુખ આત્માને પ્રભુઆજ્ઞા ઉપર રૂચિ હોય જ, ક્રિયાઓ કરતાં કે કરાવતાં આજ્ઞા ઉપર અરુચિ ઉત્પન્ન થાય નહિ. હા, બહિર્મુખ આત્માને અંતર્મૂખતા તરફ જતાં ક્યારેક આજ્ઞા ઉપર અરુચિ થવા સંભવ ખરો. છતાં આજ્ઞા પાલનથી ધીરે ધીરે રુચિ-પરિણામ સ્થિર થાય અને આ રીતે જ અભ્યાસથી પરિણામ આવે.

માટે અધ્યાત્મમાર્ગમાં આગળ વધવા ઈચ્છુકોને પ્રભુની દ્રવ્યાજ્ઞાઓ ઉપર લક્ષ્ય રાખી અંતર્મુખ થવા પ્રયત્ન કરવો જોઈએ. તેવી જ પ્રભુની આજ્ઞા છે અને એનું ફળ પણ અંતર્મુખતા પ્રગટ થવી તે છે. જેને ભાવાજ્ઞા કહેવાય.

પૂર્ણતા આત્મામાં આવે તે પૂર્ણતા જ ભાવાજ્ઞા છે.

પરમાત્મદશા પ્રગટવી તે જ પૂર્ણતા અને તે જ ભાવાજ્ઞા. આ બધી વાતો જીવનમાં અધ્યાત્મ લાવવા ટકાવવા, સ્થિર કરવા અને પૂર્ણતયા આત્મભાવ પ્રગટાવવા માટે છે. આ જ ધ્યાનને લાવનાર ઉપાયરૂપ છે.

**(પદાર્થ :** પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી **જયઘોષસૂરીસ્વરજી મહારાજા)** હવે ક્રિયાયોગની વાત.

અધ્યાત્મ એક યાત્રા છે, જે આત્માને ધ્યાનયોગમાં લઈ જઈ છેલ્લે પરમ પદ સુધી લઈ જાય છે. આત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે.

અનંત ભવભ્રમણથી થાકેલા જીવને જ્યારે વિચાર સ્ફુરે છે કે, શું આમ જ ફર્યા કરવાનું ?

જન્મ-મરણથી કોઈ છૂટકારો ખરો કે નહિં ?

સુખ-દુ:ખના ચક્કરો ચાલ્યા જ કરે ?

વાસ્તવિક સુખ-શાશ્વત સુખ હશે કે નહીં ?

આવું ચિંતન આવે તો જીવનું અધ્યાત્મના આકાશમાં ઉડ્ડયન શરૂ થાય છે. સાચા સુખને શોધવાની યાત્રા શરૂ થાય છે. આ વિચારણા પણ અધ્યાત્મ સમજવું.

તે માટે, શાસ્ત્રની દૃષ્ટિએ (ભગવાનની દૃષ્ટિએ)

ખોટી ટેવો
ખોટા વિચારો
ખોટી લાગણીઓ
ખોટા આવેગો
ખોટી કલ્પનાઓ
ખોટા સંગ્રહો
ખોટી માન્યતાઓ
ખોટા આગ્રહો
ખોટા રીવાજોનું મમત્વ
ખોટી માન્યતાઓનો આગ્રહ

અન્યની સાચી વાત પણ જલદી ન સ્વીકારવાનો અભિનિવેશ

સારાને સારો ન કહેવાનો અહંકાર (ઈગો) કે ઈર્ષાનો ભાવ અને અહંકાર આ બધામાંથી મનને બળાત્કારે પણ પાછું વાળવાનો વિચાર, સતત વિચાર, વારંવાર તેની મથામણ રૂપી ભાવનાનું ઘૂંટવું વગેરે અધ્યાત્મ તરફ જીવને લઈ જાય છે.

**ક્રિયાનું પોસ્ટમોર્ટમ્ :**

ક્રિયા બે પ્રકારની : એક સંસારમાં થતી ક્રિયા : ખાવું-પીવું-રાંધવું-કમાવું વગેરે. બીજી ધર્મમાં થતી ક્રિયા : પૂજા-જાપ-દાન-શીલ-તપ વગેરે આ બન્ને પ્રકારની ક્રિયાઓ પાછી બે પ્રકારે થાય છે.

એક ઉપયોગપૂર્વક (કાળજીપૂર્વક) અને બીજી સંમૂર્છિમપણે એટલે ઉપયોગ વિના (કાળજી વિના). આમ, ક્રિયાના ચાર પ્રકાર થયા તેમાં સંસારમાં જે

ક્રિયાઓ થાય છે તેના પાછા બે પ્રકાર પાડી શકાય.

એક જરૂરી ક્રિયાઓ જે જીવન જીવવા માટે જરૂરી છે. તેને શાસ્ત્રમાં **અર્થદંડ** કહેવામાં આવ્યો છે. બીજી બિનજરૂરી ક્રિયાઓ જેના વિના પણ જીવન આરામથી ચાલી શકે. આવી ક્રિયાઓને શાસ્ત્રમાં **અનર્થદંડ** કહેવામાં આવ્યો છે. અર્થદંડ વાળી ક્રિયાઓમાં ઓછું પાપ છે. કારણ તે સંસાર છોડ્યા વિના છોડી શકાય તેવી નથી. બીજી અનર્થદંડવાળી ક્રિયાઓમાં વધારે પાપ લાગે, ચીકણા કર્મો બંધાય છે.

**પ્રશ્ન : તો માણસ અનર્થદંડવાળી ક્રિયાઓ કેમ કરે છે ?**

**જવાબ :** જીવમાં મિથ્યાત્વ નામનું ૧૮મું પાપ બેઠેલું હોય તો તેને પાપ કરવામાં નિર્ભય બનાવે છે. અજ્ઞાન અને અતિમોહની હાજરી હોવાથી ભોગનો રસ અધિક હોય છે એટલે ખ્યાલ છે કે, નુકસાન છે છતાં ખેંચાઈને પણ રસપૂર્વક પાપ કરે છે. વારંવાર કરે છે.

જેનું મિથ્યાત્વ ગળેલું હોય, મંદ થયું હોય તેને પાપ ખટકે છે. થોડું જ્ઞાન-સમજ આવી હોય અને મોહ મંદ પડેલો હોય એટલે આવા આત્માને ભોગમાં તીવ્રરસ ન હોવાથી ક્રિયાઓ (પાપ) રસપૂર્વક કરતો નથી તથા બિનજરૂરી પાપમાં જતો નથી તેથી જરૂરી પાપ કરવાનો જ દંડ લાગે - પાપ લાગે છે.

આમાં પણ વ્યક્તિભેદે બે પ્રકાર પાડી શકાય. તે પણ માત્ર અર્થદંડની ક્રિયામાં.

અર્થદંડની ક્રિયાઓ (જરૂરી ક્રિયાઓ) બે પ્રકારે : એક શુભ આશયપૂર્વકની અને બીજી સામાન્ય આશયથી.

**પ્રશ્ન : શું શુભઆશયથી પણ પાપક્રિયાઓ થાય ?**

**જવાબ :** હા ! અમુક ભૂમિકામાં પાપ ક્રિયા કરવી જ પડે તો દુઃખાતા દિલે શુભઆશયપૂર્વક કરે જેમકે,

કોઈ ભાઈને સાધુ મ.નો સંપર્ક થયો. તેને સંસારના પાપો છોડી સાધુ જેવું નિષ્પાપ જીવન જીવવાની એટલે કે,દીક્ષા લેવાની ઈચ્છા થઈ. ગુરુએ કહ્યું, તારા સ્વજનોની આજીવિકા સારી રીતે ચાલે તેટલી આવક કરી આપી બધાને સંતોષ થાય પછી દીક્ષા આપું.

મુમુક્ષુ હવે સંસારમાં ધંધો-જોબ વગેરે જે કરશે તેમાં તેનો આશય દીક્ષા લેવાનો છે. ધંધો પાપ સ્વરૂપ હોવા છતાં મુમુક્ષુને જે પૈસા ભેગા કરવામાં રસ છે તે માત્ર દીક્ષા કેમ જલદી થાય તે માટે છે. જેવું આજીવિકાનું સાધન થઈ જશે એટલે દીક્ષા નક્કી છે. આવા શુભ આશયવાળા મુમુક્ષુ દેખીતી રીતે સંસારની જરૂરી બધી જ ક્રિયાઓ કરતો હોવા છતાં તેને લાગતું પાપ પણ અલ્પ થશે તેય શુભ આશયના કારણે પાપના અનુબંધવાળું નહીં થાય. આવી ક્રિયાઓ છતાં આત્મામાં અધ્યાત્મ બાધિત થતું નથી. બાકીની સંસારની ક્રિયાઓ અધ્યાત્મને બાધા કરનાર છે.

**પ્રશ્ન : તો શું સંસારમાં રહેનારને અધ્યાત્મ આવે જ નહીં ?**

**જવાબ** : ના, એવું નથી. વ્યવહારથી અધ્યાત્મ અપુનર્બંધક સ્થિતિમાં (મંદમિથ્યાત્વી) કહ્યું છે અને સમ્યક્ત્વમાં તે છે જ. આ બન્ને જીવો સંસારમાં જ છે. છતાં તેમનાં જીવનમાં ધર્મક્રિયાઓ હોવાથી તે ક્રિયાઓ અધ્યાત્મ લાવે છે અને બાકીની ક્રિયાઓમાં જેટલો શુભ આશય હોય, પાપનો ડર હોય, પરલોકનો ડર હોય તો આવા પાત્ર આત્માને અધ્યાત્મમાં બાધા થતી નથી. તેના જીવનમાં અનર્થદંડના પાપો પ્રાયઃ હોતા નથી. તે પાપોનું ભાવથી પ્રાયશ્ચિત્ત કરે તો દૂર થાય છે.

એટલે વાત એ થઈ કે ધ્યાન માટે અધ્યાત્મ જરૂરી અને તે અધ્યાત્મ લાવનાર લોકોત્તર ધર્મ ક્રિયાઓ જરૂરી બને એટલે હવે આ ધર્મ ક્રિયાઓની વાત ચાલશે.

ક્રમશઃ



દર વર્ષની જેમ આ વર્ષે પણ યુવાહૃદયસમ્રાટ્ આ. શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન **પૂ.પં. હૃદયરત્ન વિ.**ની નિશ્રામાં તૈયાર થયેલ એલર્ટ યુવાનો દ્વારા અલગ અલગ વિસ્તારોમાં જઈ પર્યુષણની સુંદર આરાધના કરાવવામાં આવી હતી. જેનાથી દરેક સંઘના લોકોએ યુવાનોનો ખૂબ આભાર માની તેઓનું બહુમાન કર્યું હતું.

| | | | |
|---|---|---|---|
| 1 | રાકેશભાઈ શાહ | અમદાવાદ | ન્યુજર્સી |
| | ધનજંયભાઈ શાહ | વડોદરા | **USA** |
| 2 | પાર્શ્વ મનિષભાઈ | વડોદરા | વર્જિનીયા |
| | શ્રેય અમીતભાઈ | દોશી | **USA** |
| 3 | ભાવિક વોરા | અમદા. | લોંગ આઈસલેન્ડ **USA** |
| 4 | અવિન કે. શાહ | સાયન | ક્લીવલેન્ડ |
| | કૌશિકભાઈ શાહ | સાયન | **USA** |
| 5 | હેતલભાઈ શાહ | અમદાવાદ | બ્રીસબેન (ઓસ્ટ્રેલીયા) |
| 6 | પ્રતિકભાઈ શાહ | લંડન | લંડન |
| | પર્વ પી. શાહ | લંડન | **UK** |
| 7 | વિક્રમભાઈ મુથા | ભીવંડી | **આગ્રા** |
| | દર્શ જૈન | ભીવંડી | |
| | કલ્પ જૈન | ભીવંડી | |
| 8 | જિજ્ઞેશ પી. શાહ | કાંદિવલી | **અમરેલી** |
| | અર્હમ્ મોદી | મુંબઈ | |
| | પ્રીહાર મહેતા | સુરત | |
| 9 | સિદ્ધાર્થભાઈ | નાલાસોપારા | **આકુર્ડી** |
| | સિતેષ દોશી | નવસારી | |
| 10 | સંજયભાઈ | બોરીવલી | **ઉરણ** |
| | વીર જૈન | બોરીવલી | |
| | અક્ષત રાઠોડ | બોરીવલી | |
| 11 | હિતેષ ધોકા | થાણા | ઉલવે |
| | તુષાર જૈન | થાણા | |
| | ભવ્ય જૈન | થાણા | |
| 12 | ભવ્ય ઝવેરી | વડોદરા | **ભરૂચ** |
| | પ્રીત શાહ | વડોદરા | (વેજલપુર) |
| 13 | કેતનભાઈ જૈન | ભીવંડી | **ભરૂચ** |
| | હેપી વાય. જૈન | ભીવંડી | (ગોડીજી) |
| | ધ્વજ એસ. જૈન | ભીવંડી | |
| 14 | વંશીલ વોરા | વડોદરા | **કઠોર** |
| | વીર વોરા | વડોદરા | (સુરત) |
| 15 | રાજુભાઈ સર | ભીવંડી | **બેલાપુર** |
| | સુરેન્દ્ર જૈન | ભીવંડી | **CBD** |
| 16 | ચેતનભાઈ શાહ | વિસનગર | **દહાણુ રોડ** |
| | પાર્શ્વ આર. શાહ | વિસનગર | |
| 17 | દીક્ષિત શાહ | પાર્લા | **દહાણુ ગામ** |
| | ધર્મેશ બાટવીયા | મુંબઈ | |
| 18 | નિયુષ મહેતા | અમદાવાદ | **હડપસર** |
| | કયવન્ન સલોત | મુંબઈ | |
| 19 | દિનેશ સંઘવી | ભીવંડી | **જાલોર** |
| | કિરણ એમ. જૈન | ભીવંડી | (બદાનવાડી) |
| | પ્રાયુષ પી. જૈન | ભીવંડી | |
| 20 | મુકેશભાઈ બી. શાહ | ભીવંડી | **જુન્નર (મહા.)** |
| | કરણ પી. તેજાવત | ભીવંડી | |
| | મન્નત જૈન | ભીવંડી | |
| 21 | સતીષભાઈ શાહ | પ્રાંતિજ | **કોસબાડ** |
| | સતીષભાઈ શાહ | વડાલી | |
| 22 | નિસર્ગ શાહ | વડોદરા | **જેતપુર** |
| | આગમ શાહ | દેહુરોડ | (રાજકોટ) |
| 23 | જ્યોત ભાવિન શાહ | સુરત | **મહેમદાવાદ** |
| | ચિંતન જૈન | થાણા | |
| 24 | કિરણભાઈ શાહ | બોરીવલી | **મોહોપાડા** |
| | ચેતનભાઈ એ. શાહ | બોરીવલી | |
| | જિજ્ઞેશભાઈ મહેતા | બોરીવલી | (મહા.) |
| 25 | હર્નીશ શાહ | અમદાવાદ | **મઢી (ગુજ.)** |
| | શ્રેય શાહ | અમદાવાદ | |
| | અર્હમ્ શાહ | અમદાવાદ | |
| 26 | ધરણેન્દ્ર એ. શાહ | અમદાવાદ | **જયપુર** |
| | ધર્મેશ શાહ | અમદાવાદ | |
| 27 | મિતેશભાઈ | ભીવંડી | **બેલાપુર** |
| | યુગ જૈન | ભીવંડી | (વિલેજ) |
| | ઋષભ જૈન | ભીવંડી | |
| 28 | દીપકભાઈ જૈન | અમદાવાદ | **નાથદ્વારા** |
| | ગ્રંથ શાહ | અમદાવાદ | |
| | જિનય ગાંધી | અમદાવાદ | |
| 29 | હરીશ આર. ગોસરાણી | ભીવંડી | **નાલાસોપારા** |
| | રમેશ બી. માલદે | ભીવંડી | (આચોલે) |
| | કાન્તિલાલ મારૂ | ભીવંડી | |
| 30 | મુકેશ વી. સાવલા | ભીવંડી | **નાલાસોપારા** |
| | ધનેશભાઈ આર. જૈન | ભીવંડી | (શુભમંગલ) |
| | વિક્રમભાઈ એન. શાહ | ભીવંડી | |
| 31 | પ્રકાશભાઈ તેજાવત | ભીવંડી | **નાલાસોપારા** |
| | લક્ષ્ય જૈન | ભીવંડી | (ગગનસરિતા) |
| | સોહમ્ જૈન | ભીવંડી | |
| 32 | મહેશભાઈ | સાયન | **પાટડી** |
| | કાશ્યપ એ. શાહ | સાયન | |
| | મુકેશભાઈ | અમદાવાદ | |

| | | | |
|---|---|---|---|
| 33 | અમિત એ. જૈન | ભીવંડી | **પરભણી** |
| | વિકાસ એ. જૈન | ભીવંડી | (મહા.) |
| | માલવ બી. શાહ | ભીવંડી | |
| 34 | વિપેશ શાહ | નાલાસોપારા | **પ્રભાસપાટણ** |
| | નવિનભાઈ શાહ | બોરીવલી | |
| 35 | સિદ્ધાર્થ જૈન | ભીવંડી | **સારંગપુર** |
| | કિનલ જૈન | ભીવંડી | |
| | પારસ એલ. જૈન | ભીવંડી | |
| 36 | કેવલ શાહ | હિંમતનગર | **વાલિયા** |
| | અર્હમ્ શાહ | નવસારી | (ગુજ.) |
| 37 | રાજેન્દ્રભાઈ શાહ | અમદાવાદ | **વાવ (સતલાસણા)** |
| 38 | રીતેશભાઈ ભોજક | ગોરેગાંવ | **બોરસદ** |
| | જયકુમાર મહેતા | અમદાવાદ | |

## પર્યુષણ મહાપર્વ

**એલર્ટ યુવાનો, બ્રાહ્મી-સુંદરી ગ્રુપ તથા એન.આર.જી ગ્રુપ**

જોગ ધર્મલાભ,

પર્યુષણ મહાપર્વના મહાન દિવસો આવી રહ્યા છે. પૂજ્યપાદ ગુરુદેવ આ દિવસોમાં પોતાના શરીરનો પણ વિચાર કર્યા વિના જાણે શરીરને નીચોવી નાંખતા. એક જ બેઠકે ચાર-ચાર કલાક પ્રવચન કરતા.

પર્યુષણ મહાપર્વ એક એવો ફેસ્ટિવલ છે, જે જૈનો માટે તો પ્રાણ સ્વરૂપ છે. આપણે પણ શ્રમનો વિચાર કર્યા વિના તપ-જપ-આરાધના, વૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિમાં મન મૂકીને, જોબ કે ધંધો બાજુ પર મૂકીને લાગી જવું તે પરમ કર્તવ્ય છે.

પૂજ્યપાદ દાદાગુરુદેવ કહેતા, આ દિવસોમાં નવા નવા જીવોને પણ અંતરાત્મામાં યોગબીજો, જૈનબીજો કે સમકિત બીજો પડવાની ઘણી સંભાવના છે. માટે જો તમે સંઘમાં છો તો શ્રીસંઘની સેવામાં ખડે પગે હાજર રહેવા જેવું છે.

આપણો ઈગો-પૂર્વગ્રહ કે બધા જ કાર્યક્રમો મૂકી આરાધનામાં એકાકાર બનવા પ્રયત્નશીલ રહેવું.

સહુને **"મિચ્છા મિ દુક્કડમ્"**ના મંત્રની આપ-લે કરી નિર્મળ બનવું.

**મિચ્છા મિ દુક્કડમ્**

# Alert World

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - સુરત :** ગ્રુપની બહેનોએ "કરુણા ચેરીટેબલ ટ્રસ્ટ"ના સહયોગથી કામધેનુ ગૌશાળામાં પક્ષીઓ માટે પાણીની સુવિધા માટે સોલાર સિસ્ટમ આધારિત **"પક્ષી જલ સેતુ"** પ્રોજક્ટ સ્થાપવામાં આવ્યો હતો.

ગાયોને ઘાસ તથા લાડવા નીરવામાં આવ્યા હતા. ગ્રુપની બહેનો દર મહિને સાધર્મિક ભક્તિ - જીવદયા - અનુકંપાદિ કાર્યો કરી રહી છે.

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - મીરા રોડ :** ગ્રુપના લીડર **જલ્પાબેન**ના જન્મદિવસ નિમિત્તે ગ્રુપની બહેનો સાથે જઈ કતલખાને મોકલાતા ૧૫ અબોલ જીવો બચાવી કૃષ્ણ-પ્રિયા ગૌશાળામાં મૂકવામાં આવ્યા હતા. આ ગ્રુપમાં પણ બહેનો ઘર ઘર પૂજા, અનુકંપા, સાધર્મિક ભક્તિ આદિ સુંદર કાર્યો કરી રહ્યા છે.

અનુસંધાન પાના નં. ૫ ઉપરથી

વળી, હજુ વધારે કરુણા કરવા જરૂરી પાણીનું માપ રાખી બાકીના પાણી વાપરવાનો ત્યાગ કરવો જોઈએ તે પણ પાણીના જીવો ઉપરની કરુણા જ છે. જેમકે, તમારે રોજ દિવસ દરમિયાન ૧૦૦૦ લિટર પાણી સમજો જોઈએ, તો તેટલા પાણીની છૂટ રાખી બાકીનું પાણી નહીં વાપરવાનો નિયમ કરવો જોઈએ. અથવા દુનિયામાં જેટલી નદીઓ કે સમુદ્રો છે, તળાવો, વાવો, સરોવરો કે ડેમો છે તે બધાના પાણીનો ત્યાગ કરવા રૂપ નિયમ લેવાથી અનંતા જીવો ઉપર કરુણાનો ભાવ થયો ગણાશે. આ પણ એક જાતનું તે જીવોને અભયદાન છે. માટે તો ૧૪ નિયમ લેવા જોઈએ.

હજુ, આગળ વધી પીવાના પાણી માટે હું 'આટલો' સમય ઉકાળેલું (અચિત્ત) પાણી જ વાપરીશ, સચિત્ત (કાચા) પાણી પીવામાં ઉપયોગ નહીં કરું ? આવો નિયમ પણ અપ્કાયના જીવો ઉપરની કરુણા છે. ક્રમશઃ

# જૈન એલર્ટ ગ્રુપની વિવિધ એક્ટિવીટી



વિરાર ગ્રુપ દ્વારા ગરીબ બાળકોને ઈડલી-વડા-ચટણીનું વિતરણ



વસઈ ગ્રુપ દ્વારા સામૂહિક સિદ્ધચક્ર સંક્ષિપ્ત આરાધના



નવસારી ગ્રુપ દ્વારા સાધર્મિક ભક્તિ, જીવદયા વગેરે અલગ-અલગ કાર્યો



ધોળકા ગ્રુપ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈને જરૂરિયાતવાળી ચીજોનું વિતરણ


બ્રાહ્મી-સુંદરી-મીરા ભાયંદર ગ્રુપ દ્વારા ૧૫ ગાયોને અભયદાન



વસઈ ગ્રુપ દ્વારા પૂર ગ્રસ્ત વિસ્તારોમાં જઈ લોકોને મદદ



કલ્યાણ ગ્રુપ દ્વારા ૫૦ ગરીબ બાળકોને સ્કૂલ બેગનું વિતરણ



વસઈ ગ્રુપ દ્વારા ખીચડી ઘરનું સુંદર આયોજન

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted on 16th of every month at Ahd. Unaccountable L1
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ०૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514